Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-2, September-2023
www.researchguru.net

# જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનો આર્થિક અભ્યાસ (અમરેલી જિલ્લાના સંદર્ભમાં)

Dr. Sangita G. Tarpara
Kamani Science And Prataparai Arts College – Amreli

Dr. Rekha Kaklotar (Dr. Rekha Unagar)
Maniben Nanavati Women's College, Mumbai

***Abstract***

*ભારતીય અર્થતંત્રનો ખૂબ જ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે, જેમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્ર મુખ્ય છે. અર્થતંત્રના સર્વાંગી વિકાસ માટે શોધો અને સંશોધનો સતત થતા રહેલા છે. અર્થશાસ્ત્રીઓ, વિદ્વાનો, તજજ્ઞો અને વિદ્યાર્થીઓ પણ અનેક ક્ષેત્રે સંશોધનો કરે છે. આપણો મુખ્ય આધાર સ્તંભ એવી કૃષિક્ષેત્રે પણ અનેક સંશોધનો થયા છે, જેમાં કંઈક ને કંઈક વિવિધતા રજૂ થયેલી છે. આ સંશોધન પેપરમાં સંશોધનનો હાર્દ એ છે કે દેશ અને દુનિયામાં કોવિડ 19 જેવી મહામારી સર્જાયા પછી બેન્કો સાથેના માનવી વ્યવહારોમાં અને બેંકોની સ્થિતિમાં શું પરિવર્તનો (2020 થી 2022) જોવા મળ્યા અને તેમાં વધુ સારા વિકાસ માટે અને શાશ્વત પ્રગતિ માટે નાણાંનીતિ, વ્યાજ દર જેવા પરિબળોમાં કેવા પરિવર્તનો લાવી શકાય તે છે. સાંપ્રત પ્રવાહોની સાથે તાલ મિલાવવા અર્થતંત્રનો સર્વાંગી વિકાસ જરૂરી છે. તે માટે ખેડૂત અને ખેતીક્ષેત્રના વિકાસની આવશકતા છે. વિશ્વની ખાદ્ય સુરક્ષાનો આધાર કાયમી ખેતી દ્વારા થતી સમૃદ્ધિ છે, જેના વિકાસમાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પૂરતું પ્રોત્સાહન અને સુરક્ષા સંભવિત થાય તે માટે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનો આર્થિક અભ્યાસ કોવિડ 19 પછી (2020 થી 2022) સુધીનો કરવાનો પ્રયત્ન કરેલ છે.*

*Keywords*

*જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, કૃષિક્ષેત્ર, બેન્કિંગ વ્યવહારો, નાણાનીતિ, વ્યાજદર પરિવર્તન*

## પ્રસ્તાવના

આર્થિક વિકાસ એ બહુ પરિમાણીય પ્રક્રિયા છે, તે સર્વાંગી વિકાસનો નિર્દેશક છે એ ખ્યાલ અતિ વ્યાપક છે. તે આર્થિક પ્રગતિ અને માનવ કલ્યાણ સાથે સંબંધ ધરાવે છે. તેથી અર્થતંત્રના તમામ વિભાગના વિકાસ પર ભાર મૂકવામાં આવે છે. જેમાં મનુષ્ય જીવન સાથે જોડાયેલ કૃષિક્ષીક્ષેત્ર અતિ અગત્યનું છે. ખેતી અર્થતંત્રની સંજીવની છે, ઉદ્યોગની માતા છે. તેનું સ્વરૂપ કાયમી છે, જેથી ખેડૂત ખેતીને જીવનનું અંગ માને છે. વર્ડ બેંકના 2014 ના રિપોર્ટ મુજબ વિશ્વનું સૌથી ઝડપી વિકસતું રાષ્ટ્ર ભારત છે, તો પણ 47% લોકો ખેતી વ્યવસાય સાથે જોડાયેલા છે, તેથી તેમાં અમુલ પરિવર્તનની જરૂર છે. જેવી કે ધિરાણ, સબસીડી,પાકવીમો,ખેડૂતવીમો. સરકારના નાણામંત્રાલયે વિવિધ સુધારાઓ પર ભાર મૂકેલ છે. એ સંદર્ભે પ્રોફેસર બીઆર બીશ્નોઇના મતે "ભારતનો આર્થિક વિકાસ, કૃષિ વિકાસ દ્વારા જ થઈ શકશે" જેને ચરિતાર્થ કારવુ જ રહ્યું. કૃષિ વિકાસમાં આર્થિક વિકાસની ચાવી રહેલી હોય ત્યારે આર્થિક સ્થિતિમાં પરિવર્તન લાવવાની જવાબદારી સરકારની પણ બને છે. તેથી જુદી જુદી બેન્કિંગ સંસ્થાઓની સ્થાપના થઈ છે તેથી સરકારે દરેક જિલ્લામાં જિલ્લા મધ્યસ્થ બેંકની સ્થાપના કરેલ છે. સહકાર શબ્દનો અર્થ સાથે મળીને કાર્ય કરવું- તે માનવ જીવનની પ્રેરણા છે. "સહકાર એ સ્વૈચ્છિક સંગઠન છે, જેમાં વ્યક્તિઓ સમાનતાના ધોરણે માનવ તરીકે એમના આર્થિક કાર્ય પાર પાડવા એકત્ર થાય છે."- હર્બટ કલવર્ટ.

સહકાર એ વ્યાપારની સાથે સેવાની ભાવનાથી જોડાયેલ હોય તેવું સંગઠન છે. જેમાંથી મનુષ્યમાં વફાદારી, માતૃભાવ અને સામૂહિક ભાવનાઓ ખીલે છે.

1) સહકારી પ્રવૃત્તિઓનો હેતુ બેંકે શાખાની વ્યવસ્થા તેટલો નથી. પરંતુ ગામડાના સમગ્ર અર્થતંત્રને સહકારી બનાવવાનો છે. તેની મારફત સમગ્ર જીવનમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરવાનું હોય છે.
2) બેન્કોમાં કેન્દ્રીય બેન્ક બેંકોની બેંક છે, તે બેંકો માટે અંતિમ ઋણદાતા નું કાર્ય કરે છે.
3) મધ્યસ્થ બેંક દેશના નાણાકીય બેન્કિંગ માળખાઓ શિખર છે, એ દેશના આર્થિક હિતને ધ્યાનમાં રાખીને કાર્ય કરે છે. જેમાથી નાણાકીય વ્યવસ્થા નું નિયંત્રણ અને સંચાલન કરવાનું કાર્ય કરે છે. તેમજ નાણાંના આંતરિક અને બાહ્ય મૂલ્યમાં સ્થિરતા સાથે શાખાને બેન્કિંગ વ્યવસ્થા નું નિયમન કરે છે.
4) રાજ્ય સહકારી બેંક: "ગ્રામીણ તેમજ ખેતી ક્ષેત્રે પ્રત્યક્ષ ધિરાણ પૂરું પાડવાનું કાર્ય મંડળીઓ મારફત કરે છે. અને લાંબાગાળાના ધિરાણો પુરા પાડે છે."
5) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો: જી.મ.સ. બેંકો જે જિલ્લાની ખેતીવાડી અને નાના ઉદ્યોગોના વિકાસ માટે સહકારી ધોરણે રચાયેલ બેન્કિંગ વ્યવસ્થા છે." તે સમગ્ર જિલ્લાની ખેતધિરાણ અને બિનધિરાણ મંડળીઓની જરૂરિયાતો સંતોષે છે અને તે પ્રાથમિક શિરાણ મંડળીઓ અને રાજ્ય સહકારી બેંકો વચ્ચે કડી રૂપ છે. જેનું કાર્ય જે તે જિલ્લા પૂરતું સીમિત હોય છે. તે જિલ્લાની ભૌગોલિક રચના અને સ્થાનિક વિકાસને લઈને કામગીરી કરે છે અને ધિરાણના ઉદ્દેશો પુરા પાડે છે.

**અભ્યાસના હેતુઓ:**

1) covid 19 પછી બેંકે કરેલ ધિરાણનું પ્રમાણ જાણવું.

2) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકે છેલ્લા ત્રણ વર્ષમાં કરેલ નફા અંગે માહિતી મેળવવી.

3) જિલ્લા બેંકમાં ત્રણ વર્ષમાં મુદત વીતી બાકીનું પ્રમાણ તપાસવું.

અભ્યાસની પદ્ધતિ:

આ અભ્યાસ પદ્ધતિમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે. આ અભ્યાસમાં આંકડાકીય માહિતી જિલ્લા મધ્યસ્થ બેંક લિમિટેડના વાર્ષિક અહેવાલમાંથી પ્રાપ્ત કરવામાં આવેલ છે. તેમાં 2020 થી 2022 સુધીના વર્ષની માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. જ્યારે અન્ય માહિતી જિલ્લા મધ્યસ્થ બેંકની વેબ સાઈટમાંથી પ્રાપ્ત કરવામાં આવી છે.

અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત સંશોધન અભ્યાસ અમરેલી જિલ્લાની જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની આર્થિક કામગીરી પર આધારિત છે. ખાસ કરીને કોવિડ 19 પછી લોકોની સ્થિતિ કેવી રહી હતી. પોતે લીધેલ ધિરાણ સમયસર પરત કરી શક્યા છે કે કેમ ? બેંકે કરેલ ધિરાણ સમયસર વસુલી કરી છે કે કેમ? અને તેમાં કેટલા ટકા ધિરાણ સમયસર પરત કરી શકાયું નથી. તેમજ RBI નાબાર્ડ સરકારની ભલામણો કેવી રહી હતી તેના પાલનથી જિલ્લા બેંકએ કરેલ પ્રગતિ અને કામગીરીનો અંદાજ આવી શકશે. આ અભ્યાસના તારણો શોધકો માટે તથા જિલ્લા બેંકને નીતિ

ઘડતર માટે તેના અસરકારક અમલ માટે માર્ગદર્શન પૂરું પાડશે.

**સાહિત્ય સમીક્ષા**

**1)** શીર્ષક :- છત્તીસગઢની ગ્રામીણ ધિરાણ પ્રણાલી પર વિશ્લેષણાત્મક અભ્યાસ.

સંશોધક :- સંબિતકુમાર મિશ્રા.

ભાવાર્થ: અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ ધિરાણ પ્રણાલીના વિકાસને જાણવાનો હતો અને "ગ્રામીણ કો-ઓપરેટિવ લિ. છત્તીસગઢ" ની સિદ્ધિઓ અને વિશ્લેષણ તેમને જે વિવિધ ક્ષેત્રોમાં તેમની પ્રવૃત્તિઓની આંકડાકીય સિદ્ધિઓને પ્રોત્સાહિત કરવા માટે છે. પરંતુ એકવાર આ બેંકની સફળતાનું રહસ્ય જાણી જાય તો આવા વિગતવાર અભ્યાસ સફળતાપૂર્વક બહાર લાવી શકાય છે. આમ, આ અભ્યાસ બેંકના તમામ ક્ષેત્રોમાં કામગીરી અને તેમની પ્રવૃત્તિઓને આવરી લે છે. અહીં સંશોધકે ગ્રામીણ ધિરાણ પ્રણાલી પર વિશ્લેષણાત્મક અભ્યાસ કર્યો છે. છત્તીસગઢ રાજ્ય. જે ક્રેડિટ સિસ્ટમમાં સુધારા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

**2)** કૃષિ ધિરાણ: છત્તીસગઢના સંદર્ભમાં:

સંશોધક:- અનિલકુમાર સોની અને ડૉ. હરંદરપાલ સિંહ સલુજા.

ભાવાર્થ: ભારતમાં બેંકિંગ ક્ષેત્રમાં સહકારી બેંકોનું યોગદાન ઘણું મોટું છે. આ સહકારી બેંકો ખાસ કરીને દેશના ગ્રામીણ વિસ્તારોમાં પહોંચી છે. બેંકો, સમાજ અને નાણાકીય સહાયના વિશાળ નેટવર્ક માટે આભાર. સહકારી ક્ષેત્રે ખૂબ મહત્વની ભૂમિકા ભજવી છે. જેના કારણે દેશની અર્થવ્યવસ્થા અને દેશના આર્થિક વિકાસને ભારે અસર થઈ છે. સહકારી ક્ષેત્ર એ એક વૈચારિક આધાર છે જે સામાજિક દ્રષ્ટિ અને આર્થિક નીતિઓ ધરાવે છે. આ સહકારી ક્ષેત્રને કારણે લગભગ 100% ગામડાઓ શહેરોમાં ફેરવાઈ ગયા છે.

સહકારી ક્ષેત્ર એ આર્થિક રીતે પછાત ક્ષેત્ર માટે એક આદર્શ સંસ્થા છે. દેશ વિશ્વ બેંક અને નેશનલ કાઉન્સિલ ઓફ ફાઇનાન્સના વર્તમાન અભ્યાસ મુજબ, તે જાણીતું છે કે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) દેશના અર્થતંત્રમાં 30% યોગદાન આપે છે. આમ આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય કૃષિ ધિરાણમાં સહકારી બેંકોની ભૂમિકાનું વિશ્લેષણ કરવાનો હતો.

**3)** શીર્ષક :- "બેન્કોની નાણાકીય સહાય સાથે પંજાબમાં કૃષિ વિકાસ"

સંશોધક :- પશરિયા જે.એચ.

પંજાબમાં પટિયાલા અને ફતેહગઢ જીલ્લાના 310 એકમોના નમૂના લેવામાં આવ્યા છે.

ઉદ્દેશ્ય :- કૃષિ વિકાસમાં બેંકોનું યોગદાન કેવું રહ્યું છે તે જાણવું.

ભાવાર્થ :- ભારતીય અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર કૃષિ ક્ષેત્રમાં છે અને તેના વિકાસ દ્વારા આયોજિત વિકાસ વ્યૂહરચના ગોઠવી શકાય છે. ભારતીય કૃષિ સામે ધિરાણ જ એકમાત્ર સમસ્યા નથી. પરંતુ તેનું ઉત્પાદક રોકાણ તેની ગતિશીલતા વધારવું તે છે.. પંજાબના ગ્રામીણ વિસ્તારોમાં રાજ્ય અને વ્યાપારી બેંકોની વિવિધ શાખાઓ અસ્તિત્વમાં છે. સમગ્ર કૃષિક્ષેત્ર તેના પર નિર્ભર છે. પંજાબમાં બેંક એગ્રીકલ્ચર ક્રેડિટ હેઠળ અભ્યાસ કરવામાં આવ્યો છે. જો કે કૃષિ માટે ધિરાણ બેંકોના યોગદાન પર અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસોનું પ્રમાણ ઓછું છે. તે સંદર્ભ: "પંજાબમાં કૃષિ માટે બેંકોની નાણાકીય સહાય" વિષય પરનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પંજાબના કૃષિ ક્ષેત્રની વિશાળ જરૂરિયાતોને પહોંચી વળવામાં બેંકોની

ભૂમિકા/પ્રદર્શન જાણવા માટે આ અભ્યાસ ઉપયોગી થશે. તે પસંદ કરેલ વિસ્તારમાં કરવામાં આવે છે. જેણે ક્રેડિટના સમગ્ર વિતરણનો અભ્યાસ કર્યો હતો. જેમાં ખેડૂતોને નાણા મેળવવામાં પડતી સમસ્યાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**4)** શીર્ષક:- ભારતમાં કૃષિ ધિરાણ દ્વારા કૃષિ ઉત્પાદન:

સંશોધક:- કુલવિંદર કૌર-દિલ્હી યુનિવર્સિટી.

ભાવાર્થ :- ભારત ગ્રામીણ વિસ્તારોમાં પથરાયેલો દેશ છે. ગ્રામીણક્ષેત્માં ગરીબોની સંખ્યા વધુ છે. ખેતીમાં રોકાયેલા ગરીબોને વ્યાજે નાણાં ઉછીના લેવાની વધુ જરૂર પડે છે. તેથી દેશમાં ખેડૂતોનો મૃત્યુદર ઊંચો છે. જેની ઉપભોક્તા ચીજવસ્તુઓની માત્રા પણ ઘટી રહી છે. ઉપરાંત, ખેતીમાં કુદરતી આફતો, પૂર અને દુષ્કાળ જેવા જોખમો અને અનિશ્ચિતતાઓ હોવાથી ગ્રામીણ વસ્તીના દેવાનું પ્રમાણ વધી રહ્યું છે. આ સંદર્ભમાં કલ્યાણકારી નીતિ નિર્માતાઓ તેમજ નીતિ ઘડવૈયાઓએ સમસ્યાના ઉકેલ માટે ધ્યાન આપવું પડશે. દેવું ઉત્પાદન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. તેમાં વાવેતરથી લણણી અને વપરાશ સુધી લોન આપવી જોઈએ.

**આંકડાકીય માહિતીઓનું વિશ્લેષણ**

Table 1: જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકે કરેલ ધીરાણ અંગેની માહિતી (રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | ધિરાણના પ્રકારો | 2020 | | 2021 | | 2022 | |
|---|---|---|---|---|---|---|---|
| | | ધિરાણ બાકી | કરેલ ધિરાણ | ધિરાણ બાકી | કરેલ ધિરાણ | ધિરાણ બાકી | કરેલ ધિરાણ |
| 1 | ટૂંકી મુદતના ધિરાણો | 78296.79 | 100718.63 | 84021.93 | 105270.55 | 98444.19 | 122048.99 |
| 2 | મધ્યમ મુદત ધિરાણો | 42220.08 | 16112.61 | 42698.47 | 22859.50 | 39040.42 | 11392.30 |
| 3 | લાંબી મુદતના ધિરાણો | 825.18 | 118.34 | 689.11 | 98.69 | 532.72 | 48.24 |
| **એકંદર કૂલ** | | **121342.05** | **116949.58** | **127409.51** | **128228.74** | **138017.33** | **133489.53** |

ઉપરોક્ત કોષ્ટકમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકે 2020 થી 2022 દરમિયાન કરેલ ધિરાણનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત બેંક દ્વારા ફરવામાં ન આવેલ બાકી રકમનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. કોરોના કાળ દરમિયાન બેંકોની ધિરાણ શક્તિ હોવા છતાં ગ્રાહક દ્વારા ધિરાણની માંગ ન થવાથી બેંકો ધિરાણ કરવા સક્ષમ બની ન હતી. અહીં દર્શાવવામાં આવેલ આંકડા કે માહિતી મુજબ 2020 થી 2022 કોરોનાકાળ દરમિયાન ગ્રાહકોના લાંબા ગાળા માટેની માંગ બહુ જ ઓછી થવા પામી હતી.

આ અભ્યાસમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકે covid 19 પછી વર્ષ 2020 થી 2022 સુધી ત્રણ વર્ષમાં કરેલ ધિરાણ ની માહિતી મેળવેલ છે, જેમાં ટૂંકી મુદતના ધિરાણો, મધ્યમ મુદતના ધિરાણો, તેમજ લાંબી મુદતના ધિરાણો બતાવવામાં આવેલા છે. જેની એકંદરે કુલ રકમ લાખમાં જોઈએ તો ટૂંકી મુદતના ધિરાણોમાં કરેલ ધિરાણની રકમ

રૂ.100718.93 લાખની સરખામણીએ બાકી ધિરાણ 78296.79 લાખ છે. તેનો તફાવત રૂ.22421.84 લાખ છે. જે 2020 નો છે. 2021 નું કરેલ ધિરાણ રૂ.105270.55 લાખ છે. એની સરખામણીએ રૂ.84021.93લાખ છે. તેનો તફાવત રૂ.21248.62લાખ છે. તેમજ 2022 નો કરેલ ધિરાણ રૂ.122048.99લાખ અને બાકી ધિરાણ રૂ.98444.19લાખ છે. તેનો તફાવત રૂ.23604.8લાખ રહેવા પામ્યો છે.તેમજ મધ્યમ મુદતના ધિરાણોની માહિતી જોતા 2020 માં કરેલ ધિરાણ રૂ.16112.61લાખ ની સરખામણીએ બાકી ધિરાણ રૂ.42220.08લાખ તેનો તફાવત રૂ.-26108.19લાખ જે (<) ઓછુ સાબિત થયેલ છે. 2021 માં કરેલ ધીરાણ રૂ.22859.50 લાખની સરખામણીએ રૂ.42698.47લાખ છે. જેનો તફાવત રૂ.-19838.97લાખ છે. તેમજ 2022માં જોતા મધ્યમ મુદતના કરેલ ધીરાણમાં રૂ.11392.30 લાખની સરખામણીએ બાકી ધિરાણ 39040.42લાખ માં તફાવત -27648.12લાખ રહેવા પામેલ છે. લાંબી મુદતના ધિરાણોમાં 2020 ના સંદર્ભે કરેલ ધીરાણ રૂ.118.34 લાખની સરખામણીએ રૂ.825.18 લાખનો તફાવત -706.84લાખ રહેવા પામ્યો છે. જ્યારે 2021ના સંદર્ભે કરેલ રૂ.98.69 લાખની સરખામણીએ રૂ.689.11 લાખનો તફાવત રૂ.-590.42 લાખરહેવા પામ્યો છે. જ્યારે 2022 ના સંદર્ભે લાંબી મુદતના કરેલ ધીરાણમાં રૂ.48.24 લાખની સરખામણીએ બાકી ધિરાણ રૂ.532.72 લાખનો તફાવત રૂ.-484.48લાખ રહેવા પામ્યો છે.

અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્ક એ કરેલ ટૂંકા, મધ્યમ અને લાંબાગાળાના ધિરાણોમાં ટૂંકી મુદતના ધિરાણોની સ્થિતિ પોઝિટિવ જોવા મળે છે. જયારે મધ્યમ અને લાંબી નમુદતના ધીરાણોની સ્થિતિ નેગેટિવ જોવા મળે છે.

**Table 2: રિઝર્વ બેન્ક અને નાબાર્ડના માર્ગદર્શન હેઠળ SLR અને એન non -SLR ની સ્થિતિ**

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | રોકાણનો પ્રકાર | 2020 | 2021 | 2022 |
|---|---|---|---|---|
| 1 | SLR | 28624.91 | 36265.31 | 46630.31 |
| 2 | NON SLR | 13279.19 | 30658.83 | 48657.35 |
| **Total** | | **41904.1** | **66924.14** | **95287.66** |

SLR માં 2020 માં કુલ રોકાણ રૂ.28624.91લાખ જ્યારે તેની સરખામણીએ non-SLR માં રૂ.13279.19લાખ છે. જેનો તફાવત રૂ.15345.72લાખ છે. જ્યારે 2021માં SLR માં કુલ રોકાણ રૂ.36265.31લાખ ની સરખામણીએ non-SLR રૂ.30658.83લાખ છે. બંને વચ્ચેનો તફાવત રૂ.5606.48લાખ જોવા મળેલ છે. જ્યારે 2022માં SLR રૂ.46630.31 લાખની સરખામણીએ non-SLRમાં રૂ.48657.35લાખ છે. જેનો તફાવત રૂ.2027.14લાખ જોવા મળેલ છે.

**Table 3: NPA (બિન ઉપજાઉ અસ્ક્યામતો)** (રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | વિગત | કરવાપાત્ર જોગવાઈની ટકાવારી | 2020 | | 2021 | | 2022 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધિરાણ બાકી રકમ | કરેલ જોગવાઈની રકમ | ધિરાણ બાકી રકમ | કરેલ જોગવાઈની રકમ | ધિરાણ બાકી રકમ | કરેલ જોગવાઈની રકમ |
| 1 | કુલ બિન ઉપજાઉ અસ્ક્યામતો | - | 121342.05 | 1085.04 | 127409.51 | 1632.20 | 138017.33 | 1852.20 |
| 2 | મુદત વિતી વ્યાજ | 100% | 184.47 | 197.02 | 186.46 | 197.02 | 215.44 | 223.23 |

બિન ઉપજાવ અસ્ક્યામતો (NPA)માં મુદત વિતી વ્યાજની સ્થિતિ તપાસતા માલુમ પડ્યું કે કરવાપત્ર જોગવાઈની ટકાવારી 100% છે. જ્યારે 2020ના સંદર્ભે કરેલ જોગવાઈ ની રકમ રૂ.197.02લાખ છે. જ્યારે ધીરાણ બાકી રકમ રૂ.184.47લાખ છે. જેનો તફાવત રૂ.12.55લાખ જોવા મળેલ છે. તેમજ 2021માં કરેલ જોગવાઈની રકમ રૂ.197.02લાખ હતી. તેની બાકી ધિરાણ રકમ રૂ.186.46લાખ છે. જેનો તફાવત રૂ.10.56લાખ જોવા મળેલ છે. 2022 માં કરેલ જોગવાઈ ની રકમ રૂ.223.23લાખ છે. જેની ધિરાણ બાકી રકમ રૂ.215.44લાખ છે. જેનો તફાવત રૂ.7.79લાખ છે. ચાલુ વર્ષનું અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનું gross NPA 2.62% તથા NET NPA 1.55% રહ્યું છે.

**Table 4: અમરેલી જિલ્લા માધસ્થ સહકારી બેંકે કરેલ નફો અને પ્રગતિ** (રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | વર્ષ | સેર કેપિટલ | ફંડ્સ | થાપણો | કર્જ | ધિરાણ | બાકી ધિરાણ | વર્કિંગ ફંડ | એકંદરે નફો | ડિવિડન્ડ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2020 | 6902.86 | 6274.07 | 120160.63 | 34909.54 | 116949.58 | 121342.05 | 172372.05 | 1368.86 | 8% |
| 2 | 2021 | 7119.19 | 7850.81 | 152174.82 | 34968.96 | 128228.74 | 127409.51 | 189394.99 | 1878.84 | 8% |
| 3 | 2022 | 7656.59 | 9333.09 | 177642.44 | 52256.97 | 133489.53 | 138017.33 | 231499.43 | 2725.60 | 9% |
| **Total** | | **21678.64** | **23457.97** | **449977.9** | **122135.5** | **378667.9** | **386768.9** | **593266.5** | **21678.64** | **-** |

ઉપરોક્ત અભ્યાસમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકે વર્ષ વાઈઝ કરેલ પ્રગતિ તેમજ તેનું બાકી ધિરાણ અને નફો કેટલો થયો છે તે જાણી શકાય છે. 2019-20 વર્ષનું થયેલ નફાનું પ્રમાણ રૂ.1368.86 લાખ છે. તેની સરખામણીએ 2021-22 વર્ષમાં રૂ.2725.60લાખ નફો થયેલ છે. પ્રમાણમાં નફો વધેલ જોવા મળેલ છે. નફાના વધારા સાથે થાપણોનું પ્રમાણ પણ વધેલ છે. અને તેના વર્કિંગ ફંડમાં પણ વધારો થયેલ છે. સાથોસાથ અમરેલી જિલ્લા મધ્ય સહકારી બેંકનું કર્જ 2019-20 માં રૂ.34909.54લાખ જોવા મળ્યું હતું. 2020-21ના વર્ષમાં મહામારીમાં કર્જ વધીને રૂ.34968.96લાખ જેટલું થયું હતું. તેનો તફાવત રૂ.-59.42લાખ જોવા મળેલ છે. જ્યારે 2021-22ના વર્ષમાં કર્જનું પ્રમાણ રૂ.52256.97લાખ ની

સરખામણીએ તેનો તફાવત રૂ.- 17288.01લાખ જોવા મળેલ છે.

**ગૌણ માહિતીના તારણો**

૧) અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકે તેની ધિરાણક્ષમતામાં ક્રમશઃ વધારો કરેલ છે પરંતુ ગ્રાહકોની માંગના અભાવે ટૂંકી મુદતના ધિરાણના પ્રમાણમાં લાંબી મુદતનું ધિરાણ ખુબજ ઓછુ થયેલ જોવા મળે છે.

૨) અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્ક એ કરેલ એકંદરે નફો 2020 માં રૂ.1368.86 અને 2021 માં રૂ.1878.84લાખ તેમજ 2725.60 લાખમાં ક્રમશ: વધારો થયેલ જોવા મળે છે.

૩)અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્ક દ્વારા કરેલ SLR અને Non SLR રોકાણોમાં વર્ષ 2020 થી 2022 સુધીમાં પણ ક્રમશ: વધારો થયેલ જોવા મળે છે.

૪)અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્ક દ્વારા કરાયેલ ધિરાણની સાથે NPAમાં પણ ક્રમશ:વધારો થયેલ જોવા મળે છે.

૫) અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક ખરીદ પાક માટે ધીરણ દરમાં 12 થી 15% વધારો કરેલ છે જેનો મુખ્ય હેતુ ખેડૂતોના ખર્ચને પહોંચી વળવા તેમજ ખેડૂતોમાં વધુ ધિરાણ પૂરું પાડવા માટેનો છે.

૬) અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકે ધિરાણ સાથે ૧૦ ટકા પાક કાપણી ખર્ચ પૂરું પાડી શકાય તે હેતુથી વધુ ધિરાણ આપવાનો નિર્ણય કર્યો છે.

૭)અભ્યાસના તારણ પરથી જાની શકાય છે કે વર્ષ 2020 થી 2022 દરમિયાન ધિરાણમાં વધારો થતા બેન્કનો નફો વધ્યો છે પરંતુ ધિરાણ મેળવનાર વધુ કર્જદાર બન્યો છે.

**અભ્યાસની મર્યાદાઓ**

૧) આ અભ્યાસમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનો જ અભ્યાસ કરવામાં આવેલ છે. અન્ય બેન્કોનો નહીં.

૨)અભ્યાસનું કાર્યક્ષેત્ર માર્યાદિત હોય તેને સમગ્રતયા લાગુ પાડી શકાય નહી.

**ઉપસંહાર:**

ઉપરોક્ત આંકડાકીય માહિતી ને આધારે એમ કહી શકાય કે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની ધિરાણ કરવાની ક્ષમતા હોવા છતાં માંગના અભાવે પૂરતો ધિરાણ થઈ શક્યું ન હતું. ટૂંકાગાળાના ધિરાણની માંગની સરખામણીમાં લાંબાગાળા માટે ધિરાણની માંગ બહુ જ ઓછી રહેવા પામી હતી.

દેશમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે તેવા સમયમાં વડાપ્રધાન શ્રી દ્વારા સંકલ્પ થયેલ છે. કે ખેડૂતોની આવક બમણી કરવી ત્યારે સહકારી સંસ્થાઓ સહકારથી સમૃદ્ધિના સંકલ્પ સાથે કામ કરી રહી છે. કેન્દ્રમાં સહકાર મંત્રાલયની અલગથી રચના કરવામાં આવેલ છે જેમાં કેબિનેટિક દેશની 63,000 ખેત વિશે સહકારી મંડળીઓનું કોમ્પ્યુટરરાઈઝેશન કરેલ છે. જે ખેડૂતો માટે ઐતિહાસિક નિર્ણય છે. જિલ્લા મધ્ય સહકારી બેંકની કામગીરી લોક ઉપયોગી અને લોક વિકાસ પર જોવા મળેલ છે Covidની મહામારીમાં પણ અતૂટ વિશ્વાસના પ્રતિક તરીકે ઉત્તમ કામગીરી કરેલ છે.

**Reference:**

1. Sambit Kumar Mishra. An Analytical study of Rural Credit System In Chhatishgarhstate : A Tool For Development.Pdf- 1 Net
2. Krishnan Nampoothiri,K. Dr. RajendraPrasad.P.N. Astudy OF the co-operative banking system in kerala.Feculty of Social Science Phd Theses
3. Anil Kumar Soni 1, Dr. Harjinder Pal Singh Saluja 2, Agricultural Credit : A study basd on Chhatisgarh. ABHINAV : National Monthly Refereed Journal of Com.and Management. Page:106 to 113
4. The Journal of Economics. July. 2015, Voll. XCVI, ISSN 0019/1570
5. Indcbtendess and its Deteminants in Indian Agriculture The Journal of Economics.April-2012,Voll.XIIC,No.367 (J[A;F.8-http://www.IndianJournal of Economi.com)
6. amreli jilla madhyastha sahakari bank, Annual Report – 2021-22
7. website: https://www.ajmsbank.in/